ગાંધીનગર સમાચાર
તા. ૧-૧૨-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### ઇસ્લામિક સ્ટેટ હિંદુસ્તાનના ઉંબર પર

પશ્ચિમ એશિયામાં ઇસ્લામનું રાજ પ્રવર્તે છે અને હવે તો આ ધર્મના સેલ્ફ મેઇડ ખલીફા અબુ બકર અલ બગદાદી તથા અલકાયદાના ઓસામા બિન લાદેનના વારસ અલ જવાહિરી ઇસ્લામી જેહાદમાં પણ એકમેકથી આગળ નીકળી જવાની વેતરણમાં પડ્યા છે. અલ જવાહિરીએ અલકાયદાની ઇન્ડિયન બ્રાંચ નવા નામે શરૂ કરી દીધી છે. હિન્દુસ્તાન પર ઘણાં વર્ષો સુધી મોગલોનું સામ્રાજ્ય રહેલું છે. મોગલો આવ્યા એ પહેલાંયે ગુલામ વંશ હતો. આમ લોકશાહી ભારતમાં તેઓ પોતાની ગુમાવેલી હકૂમત કાયમ કરવા બેતાબ બની રહ્યા છે. હમણાં બગદાદીના ઇસ્લામિક સ્ટેટની બોલબાલા છે. અમેરિકા અને યુરોપિયન યુનિયન જેવા શક્તિશાળી રાષ્ટ્રોના નાગરિકોનાં માથાં ઉડાવીને આઇએસઆઇએસના બુકાનીધારી ત્રાસવાદીઓ દુનિયામાં ઇસ્લામનો ખોફ ફેલાવી રહ્યા છે. ઓબામાએ એમને ધૂળ ચાટતા કરવાની પ્રતિજ્ઞા જરૂર કરી છે, પરંતુ હજુ સુધી એમનાં બોમ્બ વર્ષા કરતાં વિમાનો ઇસ્લામિક સ્ટેટના આકાને ઝબ્બે કરી શક્યા નથી તેમ જેહાદીઓનો જુસ્સો પણ તોડી શક્યાં નથી. ભારતમાંથી 'ઇસિસ' માં જોડાવા કેટલાક મુસ્લિમ યુવાનો ઇરાક પહોંચી ગયા છે, જે પૈકી આરીફ નામનો એક યુવાન ઘાયલ થયા પછી જંગે મેદાન છોડીને સ્વદેશ પરત ફર્યો છે. ભારતની સુરક્ષા એજન્સી એનઆઇએ દ્વારા એની ધરપકડ કરાઇ છે અને એને અદાલતમાં રજૂ કરી કસ્ટડીમાં - જાપ્તામાં રખાયેલ છે. ખુદ ભારતના ગૃહમંત્રીએ કબૂલ્યું છે કે અલકાયદા અને ઇસ્લામિક સ્ટેટના જેહાદીઓએ હિંદુસ્તાનને દાઢમાં રાખ્યું છે. ભારતને પણ તેઓ ઈસ્લામિક સ્ટેટમાં ફેરવવા ઉત્સુક છે. દેશના મુસલમાનો એમની એ મંશા પાર નહીં પડવા દે એવો વિશ્વાસ પણ મને કમને વ્યક્ત કરવો પડ્યો છે! પ્રશ્ન એ થાય કે શું આ ફક્ત દેશના મુસલમાનોની જવાબદારી છે? રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકારે બધો ખેલ પ્રેક્ષક બનીને જોયા કરવાનો છે? કટ્ટરપંથી જેહાદીઓ ભારતના વડાપ્રધાનને દુશ્મન ગણીને ચાલે છે. ભારતની અદાલતો કે તપાસપંચોએ ૨૦૦૨ના અનુગોધરા હત્યાકાંડમાં ભલે એમને ક્લીનચીટ આપી દીધી હોય, પરંતુ ઇસ્લામિક દુનિયામાં એમની છાપ હિંદુ રાષ્ટ્રના પુરસ્કર્તા તરીકેની અને મુસ્લિમોના વિરોધીની છે. ભારતીય જનતા પાર્ટી એ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું જ રાજકીય ફરજંદ છે. ભારતમાં મુસલમાનો સાથે કોઇ પણ જાતનો વહેરોવંચો નહીં રખાતો હોવાની વાત સાથે ઇસ્લામિક સ્ટેટ કે અલકાયદા સંમત નથી. તેથી તેઓ ભારતમાં ગુજરાત સહિતનાં કેટલાંક રાજ્યો કે જ્યાં મુસલમાનો બહોળી સંખ્યામાં વસે છે, ત્યાં પોતાની સત્તા સ્થાપવા ઉતાવળા બની રહ્યાં છે. આરીફ જેવા કેટલા ભારતીય મુસ્લિમ યુવાનો આઇએસઆઇએસ અને અલકાયદા સાથે જોડાઇ ગયા હશે, એનો સાચો આંકડો મળવો મુશ્કેલ છે. મોદી સરકાર આ પ્રકારની દેશદ્રોહી પ્રવૃત્તિથી વાકેફ છે અને તે રોકવા માટેના પ્રયાસો પણ કરતી હશે, પરંતુ ગૃહમંત્રી રાજનાથસિંહ જયારે આ ગોપનયી ગણાય એવી હકીકત જાહેર કરી રહ્યા હતા ત્યારે એમના ચહેરા પર ડર વાંચી શકાતો હતો. આ ડર તે સરકારમાં પ્રવર્તી રહેલ આત્મવિશ્વાસની ખોટ દર્શાવે છે કે એનું બીજું કોઇ કારણ છે, તે તપાસનો વિષય છે!

## શ્લોક ગાન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

આરાધના વિદ્યાવિહારમાં લક્ષ્ય પ્રેરણા ડીવાઈન ફાઉન્ડેશન દ્વારા ગીતા-શ્લોકગાન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં પૂનમબેને બાળકોને ભગવદ્ગીતા વિશે માહિતી આપી હતી. અને ભગવદ્ગીતાનું જીવનમાં મહત્વ સમજાવ્યું હતું. સાથે-સાથે બાળકોને અભ્યાસમાં ઉપયોગી નીવડે તે માટે યાદશક્તિ વધારવાની પદ્ધતિઓ શિખવડાવી હતી.

# અડાલજ ગામે શૈક્ષણિક સેવાકીય પ્રવૃત્તિ માટે ૧૧.૧૧ કરોડની જમીનનું ભૂમિદાનની જાહેરાત

### ગાંધીનગર ખાતે ચૌધરી સમાજ દ્વારા કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી હરિભાઈ ચૌધરીનું ભવ્ય સ્વાગત

અમદાવાદ, તા.૩૦

કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી શ્રી હરિભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે ઉત્તર ગુજરાતના ચૌધરી સમાજે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં મેરીટમાં


(તસવીર : દિપક જાની)

સ્થાન મેળવીને કારકિર્દીનું શ્રેષ્ઠ ઘડતર કર્યું છે. ચૌધરી સમાજના સુખી સંપન્ન દાતાઓ વધુ દાન આપશે તો હજી વધુ સારા પરિણામો હાંસલ થશે અને ચૌધરી સમાજના વિકાસ ક્ષેત્રે નોંધપાત્ર પરિણામો પ્રાપ્ત થશે.

ગાંધીનગર જિલ્લા શહેર અને અમદાવાદ શહેર આયોજિત ચૌધરી સમાજ દ્વારા ગાંધીનગરની શ્રી જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે કેન્દ્રીય ગૃહરાજયમંત્રી શ્રી હરિભાઈ ચૌધરીનો ભવ્ય સન્માન સમારોહ ચૌધરી સમાજની વિશાળ જનમેદનીની હાજરીમાં યોજવામાં આવ્યો હતો.

કેન્દ્રીય ગૃહ રાજયમંત્રીશ્રી હરિભાઈ ચૌધરીએ અમદાવાદ-ગાંધીનગરના કેન્દ્ર સમા અડાલજ ખાતે રૂ. ૧૧.૧૧ કરોડની જમીનનું ભૂમિદાન કરનાર શેઠ શ્રી હરિભાઈ વી. ચૌધરીનું સન્માન કરી જણાવ્યું હતું કે દેશને તમામ ક્ષેત્રે રાહ ચિંધનાર ગુજરાતને રાજકીય ક્ષેત્રે મહત્વ મળ્યું છે ત્યારે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલને સહયોગ આપી રાજય સરકારના વિકાસ કાર્યક્રમોમાં સમગ્ર ચૌધરી સમાજ મહત્વનું યોગદાન આપે.

અડાલજ ખાતેની ભૂમિદાનના દાતા શ્રી હરિભાઈ વી. ચૌધરીએ જણાવ્યું હતું કે ઉત્તર ગુજરાતના ૧૧ થી વધુ સામાજિક મંડળો સમયાંતરે બેઠકો ગોઠવીને પરસ્પર સંકલન-સંગઠન મજબુત કરે અને આ અડાલજ ખાતે નિર્માણ પામનાર ભવન અંદાજે રૂ. ૫૦ કરોડના ખર્ચે તમામ સુવિધાયુકત બને તેવી અપીલ કરી હતી. આ ભવનમાં સ્પર્ધાત્મક પરીક્ષાના કોચીંગ કલાસ અને સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓ સહીત રહેવા માટે છાત્રાલય સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાશે.

દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી વિપુલભાઈ ચૌધરી, પૂર્વ મંત્રી અને ધારાસભ્યશ્રી પરબતભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનોમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૬૭ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત બનસકાંઠાના સાંસદ શ્રી હરીભાઈ ચૌધરીને કેન્દ્રીય ગૃહરાજયમંત્રી પદ આપીને અતિ મહત્વની જવાબદારી આપવા બદલ ઉત્તર ગુજરાતના સમસ્ત ચૌધરી સમાજ વતી આભારની લાગણી વ્યકત કરી હતી. આ પ્રસંગે વરિષ્ઠ પત્રકારશ્રી દેવેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે ચૌધરી સમાજે શ્રેષ્ઠ રત્નો આપ્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ હીરાના વેપારીની પરખ કરીને સમાજનો સાચો હીરો શોધીને આખા દેશની સુરક્ષાની જવાબદારીનું ગૌરવપૂર્ણ અને મહત્વનું પદ આપ્યું છે.

આ પ્રસંગે જળસંચય સમિતિના ચેરમેનશ્રી ગણેશભાઈ ચૌધરી, અગ્રણી શ્રી રમેશભાઈ ચૌધરી, ગાંધીનગર જિલ્લા ભાજપ ઉપપ્રમુખ શ્રી જયેશભાઈ ચૌધરીએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આ કાર્યક્રમના અંતે ભાજપા જિલ્લા ઉપપ્રમુખ શ્રી જયેશ ચૌધરીએ આભારવિધિ કરી હતી. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર શ્રી શંકરભાઈ ચૌધરી, માણસા ધારાસભ્ય શ્રી અમીતભાઈ ચૌધરી, જે.એમ. ચૌધરી સંસ્થાના દાતાશ્રીના ધર્મપત્ની શ્રીમતી હેમલતાબેન, આજંણા કેળવણી મંડળના પ્રમુખ શ્રી એમ.કે. ચૌધરી સહિત વિશાળ સંખ્યામાં ચૌધરી સમાજના ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી શ્રી હરીભાઈ ચૌધરીનું ચરાડા ગામના સરપંચશ્રી જીતુભાઈ ચૌધરી સહિત ગાંધીનગર જિલ્લાના સામાજિક અગ્રણીઓ અને વિવિધ શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓએ-સરપંચશ્રીઓએ સન્માન કર્યું હતું.

# સીસીટીવી પેપર ચકાસનાર પર હવે બાજ નજર રાખશે

### ગુજરાતભરમાં ૫૦૦ સેન્ટર પર ૬૦ લાખ ઉત્તરવહીની ચકાસણી થશે : તમામ શિક્ષકોની પ્રવૃત્તિ પર નજર રહેશે

અમદાવાદ,તા. ૩૦

ગુજરાત સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી બોર્ડ દ્વારા કેટલાક મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યા છે જેના ભાગરુપે શિક્ષકોને પણ હવે ચકાસણી હેઠળ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ઉત્તરવહીના મૂલ્યાંકન દરમિયાન ઈલેક્ટ્રોનિક ચકાસણી હેઠળ શિક્ષકો ઉપર પણ નજર રાખવામાં આવશે. ગુજરાત સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડે તાજેતરમાં જ બોર્ડની પરીક્ષા વેળા ઈલેક્ટ્રોનિક ચકાસણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવ્યા બાદ હવે પેપર ચકાસનારને પણ સીસીટીવી હેઠળ આવરી લેવામાં આવશે.

કોઈપણ ગેરરીતિને ટાળવા અને પારદર્શક ચકાસણી પ્રક્રિયાને આગળ વધારવાના હેતુસર બોર્ડે એવો નિર્ણય કર્યો છે કે, પેપર ચકાસવા માટે બોલાવવામાં આવનાર શિક્ષકો ઉપર પણ ગોઠવવામાં આવેલા ક્લોઝ સર્કિટ કેમેરા (સીસીટીવી) સાથે સેન્ટર ઉપર નજર રાખવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજયભરમાં ૫૦૦ સેન્ટરો ઉપર પેપર ચકાસણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. ધોરણ ૧૦, ૧૨ (વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ) તથા ધોરણ ૧૧ એમ કુલ મળીને ૬૦ લાખ ઉત્તરવહીની ચકાસણી કરવામાં આવનાર છે.

બોર્ડે એવો નિર્ણય પણ કર્યો છે કે, જો જરૂર પડશે તો આ પેપર મુલ્યાંકનના રુમમાં ટેબલેટ પણ ગોઠવવામાં આવશે. બોર્ડના ચેરમેન આરઆર વરસાણી કહી ચુક્યા છે કે, શિક્ષકો ઉપર પણ નજર રાખવામાં આવશે. પેપર ચકાસતા શિક્ષકોને લઈને પણ ઘણી વખત પ્રશ્નો ઉભા થઈ જાય છે. બોર્ડની પરીક્ષા પગલા સુધારા સમિતિ દ્વારા આ નિર્ણયને મંજુરી આપી દેવામાં આવી છે. તેમણે કહ્યું છે કે, પેપર ચકાસણી માટે શિક્ષકોને કેટલા કલાક સુધી રાખવામાં આવશે તે અંગે બોર્ડ દ્વારા નિર્ણય લેવામાં આવશે. અધિકારીઓએ કહ્યું છે કે, પેપર ચકાસણી કઈ રીતે થાય છે તેના પર નજર રાખવા બોર્ડ દ્વારા લેપટોપ ગોઠવવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. મૂલ્યાંકન સેન્ટરો ઉપર સીસીટીવી કેમેરાનો ઉપયોગ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. શિક્ષકો પેપર ગંભીરપણે ચકાસતા નથી તેવી વ્યાપક ફરિયાદો હાલમાં ઉઠી હતી જેના પરિણામ સ્વરુપે આ નિર્ણય લેવામાં આવ્યો છે. અધિકારીઓએ કહ્યું છે કે, એવા આક્ષેપો પણ થયા છે કે, ગુજરાતી માધ્યમના શિક્ષકો અંગ્રેજી માધ્યમના પેપરો ચકાસી રહ્યા હતા. અધિકારીઓનું કહેવું છે કે સીસીટીવીથી ચકાસણીથી એક પેપર શિક્ષક કઈ રીતે ચકાસે છે તે વાત પણ જાણી શકાશે.

### નિવૃત્ત શિક્ષકોની સહાય લેવાનો પણ બોર્ડનો હેતુ

ગુજરાત બોર્ડે આ વખતે પેપર ચકાસણીની પ્રક્રિયા માટે નિવૃત્ત શિક્ષકોને લેવાનો નિર્ણય કર્યો છે. બોર્ડમાં આ વખતે ઘણી કટોકટી પ્રવર્તી રહી છે. કુશળ શિક્ષકોની વ્યાપક અછત હોવાના લીધે નિવૃત્ત શિક્ષકોની મદદ લેવામાં આવનાર છે. વધુમાં ખાનગી સ્કૂલોના શિક્ષકોને પણ પરીક્ષા મૂલ્યાંકન કામગીરી માટે રિપોર્ટિંગ ન કરવા માટે કહેવામાં આવ્યું છે. બોર્ડના સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, આ સંદર્ભમાં ડીઈઓની રચના કરવામાં આવી ચુકી છે. અધિકારીઓનું કહેવું છે કે, પેપર ચકાસણી કામગીરીમાં સામેલ થનાર શિક્ષકોને બોર્ડની વેબસાઈટ ઉપર અપીલ કરવી પડશે. તેમની અરજી આવ્યા બાદ નિર્ણય લેવાશે. દર વર્ષે બોર્ડ દ્વારા ખાનગી સ્કૂલોને પત્ર મોકલીને પેપર ચકાસણી માટે શિક્ષકો મોકલવા કહેવામાં આવે છે પરંતુ સ્કૂલો બોર્ડની વિનંતીને વારંવાર ફગાવી દે છે.

## હરિની દૃષ્ટિ...




## લાયોનેસ કલબ દ્વારા ત્રિદિવસીય એન.એસ.એસ. કેમ્પનું આયોજન કરાયુ

ગાંધીનગર, તા. ૩૦

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર અને એમ.બી. પટેલ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ દ્વારા એન.એસ.એસ. કેમ્પ યોજવામાં આવશે. બોરીજ સરકારી પ્રાથમિક શાળામાં યોજાનાર ત્રિ દિવસીય કેમ્પમાં પ્રથમ દિવસ ૨ જી ડિસેમ્બરે ૩૦ વર્ષથી ઉપરની વ્યક્તિઓ માટે કેલ્શિયમ ટેસ્ટ કરવામાં આવશે. સિવિલ હોસ્પિટલ ગાંધીનગરના સહયોગથી ૩જી ડિસેમ્બરે ડાયાબીટીશ ચેક-અપ કેમ્પ યોજાશે. તેમજ ૪થી ડિસેમ્બરના રોજ પેપ ટેસ્ટ (ગર્ભાશયના કેન્સરની તપાસ) કરવામાં આવશે. સવારે ૯ થી ૧૨ દરમિયાન ત્રિદિવસીય યોજાશે. તેમજ વ્યસનમુક્તિ, બેટી બચાવો, એઈડ્સ જાગૃતિ, સ્વચ્છતા અભિયાન, યોગ શિબિર અને અંધશ્રદ્ધા નિવારણ માટે પ્રદર્શનો અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. મોટી સંખ્યામાં નગરજનોને લાભ લેવા પ્રમુખે જણાવ્યું છે.

## ડૉ. રાજેન્દ્રપ્રસાદને શ્રદ્ધાંજલિ અપાશે

ગાંધીનગર, તા. ૩૦

રાજ્યની ભાવિ પેઢી માટે માર્ગદર્શક અને પ્રેરણારૂપ બની રહેનાર રાષ્ટ્રના મહાનુભાવો અને આઝાદીની ચળવળના સ્વાતંત્ર્ય સેનાનીઓના તૈલચિત્રો વિધાનસભા બિલ્ડીંગમાં મુકવામાં આવેલ છે. આ મહાનુભાવોને તેમના જન્મ દિવસે પુષ્પાંજલિ અર્પવાનું અધ્યક્ષશ્રીએ નક્કી કરેલ છે. આગામી તા. ૩-૧૨-૨૦૧૪ના રોજ ડૉ. રાજેન્દ્રપ્રસાદનો ૧૩૧ મો જન્મ દિવસ હોવાથી સવારના ૧૧.૦૦ કલાકે વિધાનસભા બિલ્ડીંગમાં પ્રથમ માળે આવેલ પોડિયમમાં તેમના તૈલચિત્રને અધ્યક્ષ પુષ્પાંજલિ અર્પશે.

## હિન્દીનો પ્રચાર થાય તે માટે પ્રચાર વર્ગો યોજાયા

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત રાજ્યમાં હિન્દી ભાષા પૂર બહારમાં ખીલી ઉઠે તે માટે ગુજરાત હિન્દી પ્રચાર સમિતિ દ્વારા ૬૫માં હિન્દી પ્રચાર વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. રાંધેજા વિદ્યાપીઠ ખાતે યોજાયેલ પ્રચાર વર્ગમાં ૫૦ થી વધુ યુવક-યુવતિઓ જોડાયા હતા.

મહાદેવભાઈ દેસાઈ ગ્રામસેવા કેન્દ્ર રાંધેજા ખાતે ૬૫મો હિન્દી પ્રચાર વર્ગ યોજાયો હતો. વર્ગમાં જાણીતા સાહિત્યકાર ડૉ. કિશોરસિંહ સોલંકીએ વિદ્યાર્થીઓને ભાષા પ્રત્યે પ્રેમ કરવાની તથા પોતાની રાષ્ટ્રભાષા અને માતૃભાષાનું ગૌરવ વધારવાની વાત કરી હતી.

વર્ગો ગત તા. ૨૨ થી ૨૯ નવેમ્બર દરમિયાન યોજાયા હતા. હિન્દી પ્રચાર વર્ગોમાં ૫૦ જેટલી બહેનો તેમજ ૧૫ થી વધુ હિન્દી ભાષાના પાસાઓનો અભ્યાસ કર્યો હતો. દર વર્ષે હિન્દી ભાષાને રાષ્ટ્રભાષાનો દરજ્જો મળે તે માટે વર્ગો યોજવામાં આવે છે.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ચિંતન શિબિર યોજવામાં આવી

ગાંધીનગર, તા. ૩૦

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા સાયલા ખાતે ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રિદિવસીય શિબિરમાં વ્યક્તિત્વ વિકાસ વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. સાયલાના શ્રી રાજ સોભાગ આશ્રમ ખાતે શિશુ વિદ્યાપીઠના સુંદર ભવિષ્ય નિર્માણ અને કાર્યકર્તાઓના વ્યક્તિત્વ વિકાસ માટે ત્રિદિવસીય શિબિર યોજાઈ હતી. શિબિરમાં શિશુ વિદ્યાપીઠના છેલ્લા પાંચ વર્ષની શૈક્ષણિક યાત્રાનું વિહંગાવલોકન કરાવી યુનિવર્સિટીનો ભૂતકાળ ચર્ચવામાં આવ્યો હતો. શિબિરમાં સર્વે સભ્યોએ એકઠા થઈ 'સ્ટેનલીકા ડબ્બા' ફિલ્મ નિહાળી હતી.

# કોઇ પણ વ્યક્તિએ પોતાના કોઇ પણ પ્રકારના દસ્તાવેજોમાં કે ફોર્મમાં કોઇ પણ જગ્યાએ સહી કરતા પહેલાં જે તે દસ્તાવેજનો સંપૂર્ણ અભ્યાસ કરવો જોઇએ

### મહિલા સમાજ અને કાયદો

ડૉ. ભાવના કે. જોશીપુરા

આપણે પરદેશમાં થતા લગ્ન અને તે સંદર્ભે ઉપસ્થિત થતી સમસ્યાઓની ચર્ચા કરી રહયા હતા. ભારત દેશમાં રહેતી દિકરી પરદેશમાં લગ્ન કરીને જાય અને પછી પરદેશની ધરતી પર પગ મુકતા જ તેણીને છેતરપીંડી થઈ હોય તેવો અનુભવ થાય છે. હમણાંનો જ એક કેસ જોઈએ તો,

શીલા એક છુટાછેડા લીધેલ સ્ત્રી છે. શીલાના પ્રથમ લગ્ન ભારતમાં જ સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લામાં એક નાના ગામમાં થયેલા. પતિ તરફે અતિશય ત્રાસ અને તે સંદર્ભે શીલાનું પ્રથમ લગ્નજીવન ચાલી ન શકયું. શીલા એક સામાન્ય ઘરની દિકરી છે અને તેણીને કાયદાની વિશેષ માહિતી નથી. શીલાના પિતા હયાત નથી. શીલાની માતા એ પથારીવશ છે. શીલાના પ્રથમ લગ્નના છૂટાછેડા નક્કી થતી વખતે તેઓને એવું કાયદાકીય માર્ગદર્શન મળેલ કે નોટરી સમક્ષ સ્ટેમ્પ ઉપરના છુટાછેડા એ કાયદેસરની બાબત છે. શીલાને તથા તેના કુટુંબને જેનું માર્ગદર્શન મળ્યું તે મુજબ છુટાછેડાનું લખાણ થયું.

શીલાના પ્રથમ લગ્ન એ રાજકોટ મુકામે થયા હતા. શીલા અને તેનો પતિ છેલ્લે પતિ-પત્નિ તરીકે અમરેલી જિલ્લાની હકુમતમાં રહયા હતા. અને છુટાછેડાનું લખાણ એ ભાવનગર શહેરમાં થયું હતું. શીલા ગુજરાતમાં રહેતી હોય તેથી સ્વાભાવિક રીતે તેણીના જ્ઞાતિના રૂએ થતા છુટાછેડા ગુજરાતી ભાષામાં લખાયા હતા. આ બાબતનો એટલા માટે ઉલ્લેખ કરુ છું કે શીલાના બીજા લગ્ન થતા જે બાબતનો કાયદાકીય પ્રશ્ન ઉભો થયો હતો તેમાં શીલાના આગલા છુટાછેડાને પણ પડકારવામાં આવેલ હતા. ખેર! શીલાના કેસની વિગતવાર ચર્ચાના સમયે આપણે તે બાબતની ચર્ચા કરવાના જ છીએ.

શીલાના પ્રથમ પતિ હરેશ સાથે છુટાછેડા થયા અને થોડા જ સમયમાં શીલાના જ વિસ્તારમાં લંડનથી એક પરિવાર પોતાના દિકરા માટે લગ્નની શોધમાં (કન્યાની શોધમાં) પોતાના વતન એટલે કે રાજકોટમાં આવ્યા હતા. આજુબાજુના પડોશીઓ સાથે વાતોવાતથી લંડનથી આવેલ અમન અને તેની માતાને શીલા બાબતે માહિતી મળી. આમ, પણ શીલા આખા વિસ્તારમાં ખૂબ જ પ્રિય દિકરી તરીકે જાણીતી હતી. ઘરના કામકાજમાં ખૂબ જ હોશિયાર અને વૃધ્ધ માતાની સારસંભાળ પણ જે રીતે કરી રહી હતી તેથી ખૂબ જ જાણીતી હતી. અમનના પણ પ્રથમ છુટાછેડા લંડન મુકામે થઈ ગયા હતા. અમન પ્રથમ વિદેશી દિકરી સાથે પરણ્યો હતો અને હવે તેની ઈચ્છા ભારતીય સ્ત્રી સાથે લગ્ન કરવાની હતી. શીલાને આગલા પતિથી કોઈ સંતાન ન હતું. શીલા અને અમનના ઘરના સભ્યો એકબીજાને વિસ્તારના એક મધ્યસ્થીની મારફતથી મળ્યા.

શીલા ખૂબ જ સામાન્ય ઘરની દિકરી હતી અને અમનના ઘરના સભ્યોએ જણાવ્યું કે લગ્ન અંગેની બધી જ કાર્યવાહી અમનના ઘરના સભ્યો કરશે. શીલાની ઓળખનો આધાર શીલાના પ્રથમ લગ્ન થી થયેલા છુટાછેડા, શીલાના રહેણાંકનો આધાર વગેરે તમામ દસ્તાવેજો અમનની મમ્મીને સોંપવામાં આવ્યા. શીલા અને અમનનું લગ્ન આર્યસમાજ વિધિથી નકકી થયું.

આર્યસમાજથી જે લગ્ન નકકી થાય છે તેમાં વર અને કન્યા બંન્ને ફોર્મ ભરીને આપવાના હોય છે. અમને પોતાના ફોર્મમાં પોતે અપરણિત છે તેમ દર્શાવેલ અને શીલાનું ફોર્મ પણ અમનની માતાએ ભરેલ કારણકે શીલાની માતા ખૂબ જ બિમાર રહેતા હતા. શીલાના ફોર્મમાં પણ શીલા છુટાછેડા લીધેલ હોવા છતાં તે અપરણિત છે તેવું દર્શાવવામાં આવેલ. શીલા અને અમનના લગ્ન માત્ર ત્રણ દિવસમાં નકકી થયા હતા અને સ્વાભાવિક રીતે શીલાને લંડન લગ્ન થઈ રહયા હોવાનો આનંદ અને ઉત્સાહ પણ હોય શીલાની પરિણિત બહેનો પણ એક દિવસમાં સાસરેથી રાજકોટ પહોંચી ગઈ. ખૂબ દોડાદોડીને કારણે શીલાએ તો તૈયાર ફોર્મમાં વગર વાંચ્યે સહી કરી આપી હતી. અત્રે નોંધ લઈએ કે 'કોઈપણ વ્યકિતએ પોતાના કોઈપણ પ્રકારના દસ્તાવેજોમાં કે ફોર્મમાં કે કોઈપણ જગ્યાએ સહી કરતા પહેલાં જે તે દસ્તાવેજનો સંપૂર્ણ અભ્યાસ કરવો જોઈએ.'

શીલા અને અમનના લગ્ન થઈ ગયા અમન અચાનક લંડનથી આવ્યો હતો અને લગ્ન કરીને ચાર જ દિવસમાં લંડન પાછુ જવાનું હતું. શીલા માત્ર ચાર દિવસ અમન સાથે રહી હતી તે દરમિયાન અમનના કુળદેવીએ વગેરે જગ્યાએ દર્શને પણ સાથે ગઈ હતી. લગ્ન આર્યસમાજ વિધિથી થયા હોવા છતાં લગ્નનું સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં રજિસ્ટ્રેશન એટલે કે નોંધણી આવશ્યક છે. અમન લગ્નનું સર્ટીફિકેટ અંગ્રેજીમાં મેળવવા માંગતો હતો તેથી લગ્ન નોંધણીનું ફોર્મ પણ અમનની માતા એ જ ભરેલ. આ લગ્ન નોંધણીના ફોર્મમાં શીલાએ ડાયવોર્સી તરીકે દર્શાવવામાં આવેલ. શીલાના આગલા પતિથી થયેલ છુટાછેડાની નકલ પણ લગ્ન નોંધણી ફોર્મ સાથે રજૂ કરવામાં આવેલ.

લગ્નના અઠવાડિયામાં અમન લંડન પહોંચી ગયેલ. શરૂઆતમાં અમન શીલાને રોજ ફોન કરતો અને લંડનમાં સોનેરી સપનાઓની સહેલગાહ કરાવતો. આખા વિસ્તારમાં એમ લાગતું કે શીલા ખૂબ ભાગ્યશાળી છે. શીલા પણ લંડન જવાનું હોવાથી અંગ્રેજીના વર્ગ પણ શરૂ કરી દીધા. અમન મારફત શીલાને એક બે વાર લંડનથી આંગડીયા મારફત ભેટ સોગાદો પણ મળેલ.

શીલા પાસે પાસપોર્ટ ન હતો અને શીલાના પાસપોર્ટ વિગેરે તૈયાર કરાવવા અમનના માતા એટલે કે શીલાના સાસુ ભારતમાં રોકાયા હતા. શીલા પણ સાસરે જ રોકાયેલ હતી. પાસપોર્ટ એજન્ટ પાસે પણ સાસુની સાથે ગયેલી શીલાના લંડનના વિઝાની પણ બધી તૈયારી થઈ રહી હતી. શીલા અને તેના સાસુ સાથે રહેતા હતા. તે દરમિયાન શીલાને તેના સાસુની કેટલીક ખાનગી બાબતોની માહિતી પ્રાપ્ત થઈ હતી. શીલાની સાસુને આ બાબતને લઈને શીલા ઉપર વેરભાવ ઉભો થયો હતો. શીલાના સાસુએ મનોમન શીલાને લંડન નહીં લઈ જવાનો નિર્ણય કરી લીધો હતો.

શીલના સાસુ લંડન ગયા શીલા તો પોતાના પાસપોર્ટની રાહમાં હતી. સાસુનો કોઈ જવાબ નહીં આવતા અને અમન તરફે પણ ફોન ધીમે-ધીમે ઓછા થતા ગયા. શીલા પાસપોર્ટ એજન્ટને ત્યાં પોતના પેપર્સની તપાસ માટે ગઈ. એજન્ટે જણાવ્યું કે શીલાનો પાસપોર્ટ તો તેણીના સાસુ પાસે જ હતો અને વિઝા અંગેની કાર્યવાહી ચાલતી હતી તે દરમિયાન શીલાના સાસુએ એજન્ટને કાર્યવાહી આગળ વધારવાની ના પાડી દીધેલ. શીલાનો પાસપોર્ટ અમનના કોઈસગા એજન્ટ પાસેથી લઈ ગયા હતા.

શીલા હવે શું કરે? શું શીલાનો પાસપોર્ટ શીલા સિવાય અન્ય કોઈ વ્યકિતને આપી શકાય ખરો? એજન્ટ સામે કાર્યવાહી થઈ શકે? શીલા પોતાના લગ્ન વિષયક અધિકાર અંગે કઈ રીતે કાર્યવાહી કરે? શીલાના મનમાં અનેક પ્રશ્નો છે. શીલાના મનના પ્રશ્નો અને તેના જવાબો સાથે મળીએ આવતા અંકે.